**<u>ફોજદારી કેસ નં. ૨૬૫ /૨૦૨૬, આંક–૧ લગત હુકમ</u>**

**૧)** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ઓએ તા. ૨૫/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે મોજે ડાકોર રાધાકુંડ પાસે એક કાપડની થેલીમાં મોનોફીલ ગોલ્ડ ના માર્કાની પ્રતિબંધિત ચાઈનિઝ દોરીના રિલ નંગ.૦૩ કિ.રૂ.૯૦૦/– ના મુદામાલ રાખી જાહેરમાથી પકડાય જઈ એકબીજાની મદદગારી કરી મહે ખેડા જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કચેરીના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન.એસ.ની કલમ–૨૨૩, ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫** મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે અને તે મતલબની ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ચાર્જશીટ કરેલ છે.

**૨)** આજરોજ ચાર્જશીટ આવતા આરોપીઓ સામે સમન્સનો હુકમ થતાં આરોપીઓ જાતે કોર્ટ રૂબરૂ હાજર થયેલ હોય જેથી,આજ રોજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમા આરોપીએ ગુન્હાની સ્વૈચ્છાપુર્વક કબુલાત કરેલ છે.

**૩)** તે ઉપરાંત આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.આરોપીને તેઓની વિરુધ્ધના ગુન્હાની સજાની જોગવાઈની તથા તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી/આરોપીઓ ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુન્હાની કબુલાત પુરસીસ રેકર્ડ લેવાનો હુકમ કરવામાં આવેલ છે.સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા.આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે,તેના કુટુંબની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે.આમ,આરોપીની મારી સમક્ષની સ્વેચ્છા પુર્વકની કબુલાતને આધારે, આરોપીની રજુઆત તથા કેસના સંજોગો અને ગુન્હાની ગંભીરતા તથા આરોપીના પ્રથમ ગુનાની હકીકત ધ્યાને રાખી ન્યાયના હિતમાં સજા અં ગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

**(૧)** સદર કામના આરોપી (૧) ગૌતમભાઈ રમેશભાઈ વાઘેલા (૨) ધનરાજભાઈ બળવંતભાઈ હરિજન, પ્રત્યેક આરોપીને **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩, ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને **રૂા.૧૦૦/–**(અં કે રૂપીયા સો પુરા) **કુલ રૂ. ૨૦૦/– (અંકે રૂ. બસો પુરા)** નો દંડ કરવામા આવે છે અને જો દંડ ન ભરે તો તેને **દિન–૧૦**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ યોગ્ય નિકાલ કરવો.

આ હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:– ડાકોર.

**( નરેન્દ્ર કુમાર જોષી )**
જયુ.મેજી.ફ.ક., ડાકોર.
જીજે૦૧૪૫૪